**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૪૬ ટકા

# કડી કેમ્પસમાં યોજાયો મહારક્તદાન શિબિર

## પૂજય માણેકલાલ પટેલ 'સાહેબ'ની ૯૩મી જન્મજયંતિએ સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા ૭૪૩ બોટલ રકતદાન કરાયું






ગાંધીનગર, તા.૧

'કર ભલા હોગા ભલા' અને 'શિક્ષણ એ જ સાચી સેવા'ના અભિગમ સાથે શિક્ષણ સાથે સામાજિક ઉત્થાનનું કાર્ય કરતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં જેમનો સિંહ ફાળો રહ્યો છે અને શિક્ષણ એજ સાચી સેવાના સૂત્રને જીવન મંત્ર બનાવનાર પૂ. માણેકદાદાની જન્મજયંતિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસમાં છેલ્લા ૧ વર્ષથી રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂ. માણેકદાદાની ૯૩મી જન્મજયંતી નિમિત્તે મહા રકતદાન શિબિરનું આયોજન તા. ૧લી ફેબ્રુઆરી, મંગળવારના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમજ કાલુપુર બેન્ક ગાંધીનગર શાખા દ્વારા 'ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ' તેમજ 'શ્રદ્ધાદીપ પેથોલોજી લેબોરેટરી'ના સહયોગથી કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં આ શિબિરનું આયોજન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ, સેકટર-૨૩ તથા એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ, સેકટર-૧૫ તેમજ કડી ખાતે શ્રી ડૉ.રામભાઈ પટેલ સંસ્કાર ભવન ઉપર કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રનાં નાગરિકોને કોરોનાકાળ દરમિયાન પણ સમયસર રકત મળી રહે તે હેતુથી યોજાયેલા દસમાં મહા રકતદાન શિબિરમાં કડી કેમ્પસ ખાતે ૫૦૭ અને ગાંધીનગર કેમ્પસ ખાતે ૨૩૬ થી કુલ ૭૪૩ જેટલી રકતની બોટલો એકત્રિત કરવામાં આવી હતી તેમજ બ્લડ ડોનેટ કરનાર વિદ્યાર્થીઓનું ફ્રી થેલેસેમિયા ટેસ્ટિંગ (સ્ક્રીનિંગ) પણ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંસ્થા પરિવારની તમામ સંસ્થા તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરની તમામ સંસ્થાઓના સભ્યો, એનએસએસ, સર્વ નેતૃત્વ અને એનસીસીના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ, ભૂતપૂર્વ(એલ્યુમીની) વિદ્યાર્થીઓએ આ રકતદાન શિબિરમાં ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાલુપુર બેંક તરફથી બેંકના સ્થાપના દિન નિમિત્તો ગાંધીનગરના દરેક રકતદાતાને શુભેચ્છા પ્રતિક અર્પણ કરવામાં આવ્યા હતા. સર્વ વિદ્યાલય પરિવારે વર્ષ ૨૦૧૨થી લઈ ૨૦૨૨ સુધીમાં કુલ ૯૧૭૫ જેટલી રકતની બોટલો ૧૧ રકતદાન શિબિરો દ્વારા એકત્રિત કરી માનવ કલ્યાણની સુંદર કામગીરી કરી છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, સંસ્થાના મંત્રીશ્રીઓ અને પ્રિન્સીપાલશ્રીઓ અને આયોજક સ્ટાફ મિત્રો પણ વિદ્યાર્થીને પ્રોત્સાહન પુરું પાડવા હાજર રહ્યાં હતાં.

## જન્મદિને વધામણી



નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯


મીત કોયાણી
સર્વ નેતૃત્વ ગૃપ


જશીબેન
રમેશચંદ્ર શ્રીમાળી
મો. ૯૭૧૪૫ ૦૧૩૧૮



સંદિપ સોની
મો. ૮૮૪૯૮ ૦૧૫૫૪


કશિશ પંકજકુમાર
મેસરવાલા


યશ્વી જગદીશકુમાર
કડીયા





આર.એન. પટેલ શાળાના ધોરણ-૨ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વેશભૂષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શાકભાજી,રમકડા, પતંગ, વાસણો, ફળફળાદી તેમજ પુસ્તકો વેચનારની અલગ અલગ ભૂમિકા ભજવી હતી. આ પ્રવૃતિનું આયોજન હેતલબેન.એસ.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગગડેલા શાકભાજીના ભાવોએ ગૃહિણીઓનું 'બજેટ' સુધાર્યુ..!!

## તાજા શાકભાજીની આવકમાં વધારો થતાં ભાવમાં કડાકો

ગાંધીનગર, તા.૧

આજે કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે સંસદમાં બજેટ રજૂ કર્યું હતું જેમાં મધ્યમવર્ગને ઈક્મ ટેકસના સ્લેબમાં રાહત મળશે તેવી આશા હતી પરંતુ તે ઠગારી નીવડી હતી. જોકે કેન્દ્રીય નાણામંત્રી બજેટમાં રાહત આપે કે ન આપે પરંતુ છેલ્લા એક સપ્તાહમાં શાકભાજીના ગગડેલા ભાવોએ ગૃહિણીઓને ઘરના બજેટમાં ખૂબ મોટી રાહત આપી છે. શહેરના બજારોમાં છેલ્લાં એક અઠવાડિયામાં તાજા શાકભાજીની આવકમાં વધારો થતાં વિવિધ શાકભાજીના ભાવોમાં મહદ અંશે ઘટાડો નોંધાયો છે.

અગાઉ કોરોના મહામારીના પગલે સરકાર દ્વારા જે એસઓપી જાહેર કરવામાં આવી તેમાં લગ્ન પ્રસંગો દરમિયાન મહેમાનોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો જેની સીધી અસર શાકભાજીના વેચાણ પર પડી હોવાનું જણાય છે.

**બજારમાં તાજાં શાકભાજીના પ્રતિ કિલો ભાવ**

| | |
|---|---|
| રીંગણ (ભટ્ટા) - ૮૦ થી ૯૦ | બટાકા - ૨૦ થી ૩૦ |
| રીંગણ(લાંબા) - ૩૦ થી ૩૫ | ટામેટાં - ૨૦ થી ૩૦ |
| કોબી-ફ્લુલેવર - ૨૦ થી ૩૦ | ગાજર - ૨૦ થી ૩૦ |
| વટાણાં - ૩૦ થી ૩૫ | વાલોળ - ૪૦ થી ૫૦ |
| ધાણાં-મેથી - ૧૦ની ઝુડી | લીલી ડુંગળી - ૨૦ થી ૨૫ |
| દુધી - ૩૫ થી ૪૦ | આદું - ૪૦ થી ૬૦ |
| ડુંગળી - ૨૫ થી ૩૦ | લીંબુ - ૫૦ થી ૭૦ |

બીજી તરફ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેડુતોના શાકભાજીના તૈયાર પાકોને કારણે શાકભાજીની આવક વધતા તેની અસર શાકભાજીના ભાવ પર પડી રહી છે. એક તરફ લગ્નસરાંમાં મર્યાદિત સંખ્યાને કારણે માંગમાં ઘટાડો અને બીજી તરફ પુરવઠાની આવકમાં વધારો થવાથી આ સમય દરમિયાન લગભગ તમામ શાકભાજીના ભાવ ઘટ્યાં છે.

શહેરના સે.૨૧, સે.૨૪ અને સે.૭ના શાક માર્કેટમાં શાકભાજીના ભાવમાં અત્યારે ઘટાડો નોંધાયો છે. ઉત્તરાયણ પહેલા આસમાને પહોંચેલા શાકભાજીના ભાવ હવે ઘટતા જોવા મળ્યાં છે. રીંગણ, ફુલેવર, વટાણા, ધાણા, મેથી, દુધી, ડુંગળી, લસણ, ટામેટા વગેરેના ભાવ જે આસમાને પહોંચી ગયા હતા, તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઉત્તારાયણના સમયની સરખામણીએ ફુલેવાર, વટાણામાં, ઘાણા, મેથીમાં રૂ.૧૦થી ૨૦નો ઘટાડો, રીંગણ અને દુધીના ભાવમાં રૂ.૨૦ સુધીનો ઘટાડો થયો છે. બીજી તરફ તુવેરના ભાવમાં રૂ.૧૫ સુધીનો અને કોબી, ગવાર, બટાકા, વટાણા, ગાજર, આદુ, બીટ, લીંબુના ભાવોમાં પણ રૂ.૧૦થી ૩૦ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

## એસ.એસ.વી કેમ્પસ ખાતે શહીદ દિનની ઉજવણી

એસ.એસ.વી કેમ્પસ, સેકટર-૩, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીબાપુએ આપેલા સુત્રો, તેમના ચિત્રો ચાર્ટ પેપર પર બનાવવામાં



હતા. તેમજ વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પર અને તેમના મુલ્યો પર સ્પીચ આપી તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે નાથુરામ ગોડસેએ ગોળી મારી, મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. ગાંધીજીની આ પુણ્યતિથિને ભારતભરમાં શહીદ દિન તરીકે મનાવવામાં આવે છે અને અન્ય શહીદોની યાદમાં ૨ મિનીટનું મૌન પણ રાખાય છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર કેશાજી છનાજી,** ઉ.વ. ૮૦, પેથાપુર
- **સ્વ. ઠાકોર મધુબેન પોપટજી,** ઉ.વ. ૫૦, શિહોલીમોટી
- **સ્વ. ઠાકોર આત્મારામ જુહાજી,** ઉ.વ. ૬૨, પુન્દ્રાસણ
- **સ્વ. પંડિત સરોજબેન વિઠ્ઠલદાસ,** ઉ.વ. ૭૮, પેથાપુર

# ટ્રેડીંગ કરી વધુ રૂપીયા કમાવવાની લાલચ આપી રૂ.૧૧.૨૫ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ઓનલાઈન છેતરપિંડીની ફરીયાદો મોટીમાત્રામાં ઉઠવા પામી છે. ભેજાબાજ ઠગો નાગરીકોને નિતનવી લાલચ આપી પોતાની માયાજાળમાં ફસાવી છેતરપિંડી આચરતા હોય છે. ત્યારે શહેરના વધુ એક મહિલા સાથે રૂ.૧૧.૨૫ લાખની ઓનલાઈન છેતપિંડી થવા પામી છે. બનાવ અંગે મહિલાએ સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં આવેલી ખ્યાતનામ યુનિવર્સિટીમાં છોકરીઓની હોસ્ટેલમાં મહિલા ગૃહમાતા તરીકે ફરજ બજાવે છે. મહિલાના પતિનું વર્ષ૨૦૦૩ માં અવસાન થયુ છે. જયારે દિકરો વિદેશમાં રહે છે. મહિલા એકસીસ બેંકમાં એકાઉન્ટ ધરાવે છે. જેમાં મોબાઈલ નંબર રજીસ્ટર થયેલ છે. મહિલાના મોબાઈલ પર ગત તા.૩-૧-૨૨ ના રોજ સવારના સમયે ટેક્ષ મેસેજ આવ્યો હતો. કોઈપણ જોખમ વિના ઓટો ટ્રેડીંગ સિસ્ટમથી તમારી મુડીના ચાર થી પાંચ ટકા રોજીંદા કમાવો તેવો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ ઠગબાજોએ ફોન કરી મહિલા સાથે વાત કરી હતી. ત્યારબાદ ટ્રેડશોટ ડોટ કોમની વિગતો દર્શાવી હતી. ત્યારબાદ મહિલાએ ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. ઓટો ટ્રેડીંગ હોય છે જેથી તમે પેમેન્ટ ટ્રાન્સફર કરી ટ્રેડીંગની શરુઆત કરો. ત્યારબાદ મહિલાએ વિવિધ તારીખે અલગ અલગ રકમ ટ્રાન્સફર કરી હતી. જે રૂ.૧૧.૨૫ લાખ છે. ત્યારબાદ મહિલાને ડોલરમાંથી રૂપીયામાં ટ્રાન્સફર કરવા માટે નાંખી દીધા છે તમને ટુંક સમયમાં મળી જશે તેવુ આશ્વાસન ઠગબાજો આપી રહ્યા હતા. પરંતુ આજદિન સુધી મહિલાને રૂપીયા ના મળતા આખરે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાઈ છે.

# વીસીઈના મુદ્દે મંડળ દ્વારા વિકાસ કમિશનરને લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૧

રાજય સરકારની મોટાભાગની તમામ યોજનાઓ ઓનલાઈન કરવામાં આવી છે. ત્યારે ગામડાઓના નાગરીકોને ઓનલાઈન સેવાનો લાભ મળે તે માટે મહત્વની કામગીરી કરતા ગ્રામ પંચાયતોના વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનિયોરને નવા ચુંટાઈને આવેલા સરપંચો દ્વારા છુટા કરવામાં આવતા કોમ્પ્યુટર સાહસિકોમાં રોષ ફેલાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા વિકાસ કમિશનરને પત્ર લખીને રજુઆત કરાઈ છે. જેમાં ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્યો દ્વારા વીસીઈને હેરાન પરેશાન કરવામાં આવે છે.જયારે રાજયના ૧૮ જેટલા ગામના વીસીઈને નોકરીમાંથી કાંઢી મુકાયા છે. જયારે કેટલાક ગામમાં નોકરીમાંથી હાંકી કાઢવા માટે કહેવામાં આવી રહ્યું છે. વીસીઈને નોટીસ આપી બીજા વ્યકિતને ચાર્જ સોંપી દેવાયો છે. તો બીજીતરફ વીસીઈનું આઈડી બ્લોક કરાયું છે. રાજયના કેટલાક ગામમાં વીસીઈને ડેટા એન્ટ્રીના મહેનતાણાની પણ આપવામાં આવી નથી. ત્યારે હેરાન કરીને છુટા કરાયેલા વીસીઈને તાત્કાલીક ફરજ લેવામાં આવે અને અગાઉના બાકી લેણાનું ચુકવણુ દરેક જિલ્લામાં કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# શહેરમાં ચાલતી ફિઝિકલ ચેલેન્જ બાળકોની 'વિશેષ' શાળા

## ઉપાધ્યાય દંપતીની 'વિશેષ' શાળાનો 'વિશેષ' બાળકો માટેનો 'વિશેષ' પ્રેમ

ગાંધીનગર, તા.૧

શહેરમાં મનોદિવ્યાંગ બાળકો માટે કાર્યરત વિશેષ એજ્યુકેશન સેન્ટર ની વિશેષ મુલાકાત. શહેરમાં સેક્ટર-૧ ખાતે પ્લોટ નં ૩૦૭માં ફિઝિકલી ચેલેન્જ બાળકો માટેની શાળા કાર્યરત છે. વર્ષ ૨૦૧૫થી વિશેષની શરૂઆત થઈ હતી અને આજ દિન સુધી આ સંસ્થામાં ૨૦૦ જેટલા બાળકોના એડમિશન થયા છે હાલમાં જ વિશેષને રોટરી કલબ તરફથી કોરોના વોરિયર્સ નો એવોર્ડ પણ મળ્યો છે.

**મારી દીકરી ૧૬ મહિનાની જ છે જેને ડાઉન સિંડ્રોમની તકલીફ છે મૂળ રાજસ્થાનના વતની છીએ અને વાવોલમાં રહીએ છે. તબીબો ને બતવ્યા બાદ એક તબીબે અમને વિશેષ શાળા વિશે માર્ગદર્શન આપ્યું હતું તેથી અમે વિશેષ નો સંપર્ક કર્યો છે મારી દીકરી ને વિશેષ મૂક્યા બાદ ૧ મહિના માં જ ખૂબ સારું પરિણામ મળ્યું છે .સ્ટાફ નો પણ ખૂબ સારો પ્રયાસ રહેલો છે.**

**-(જયાબેન પુરોહિત )**

●●●

**પ્રભુએ જો કોઈ અતિ નિર્દોષ વસ્તુ પેદા કરી હોય તો તે એક બાળક જ છે. બાળકની પાસે રહેવું એટલે નિર્દોષતાનો સહવાસ સેવવો. રાજા કે રંક, મૂર્ખ કે વિદ્વાન, ગરીબ કે તવંગર, બાળકની પાસે કોણ નથી નમ્યું ? એનો પ્રેમ લેવા કોણ વાંકું નથી વળ્યું ?બાળક દેવલોકમાંથી ભૂલો પડેલો મુસાફર છે. એની સાથે વાત કરવામાં તો મોટાંઓ પણ ખુશીથી વ્યાકરણજ્ઞાનના કડક નિયમોનો પણ ત્યાગ સ્વીકારે છે; અને અવૈયાકરણી ભાષા બોલવા ઘણી વાર તો નિષ્ફળ પ્રયત્ન કરે છે. પ્રભુને પામવો હોય તો બાળકને પૂજો.બાળકને સમજો. બાળકનો સાથ આપો.**

આ સ્કૂલમાં ઓટિઝમ, ભાષા સમજવાની તકલીફ, બહેરાશ, મૂંગા પણું, હાઈપર એક્ટિવ, માનસિક વિશિષ્ટતા તેમજ શીખવાની તકલીફ જેવી મુશ્કેલીઓ ધરાવતા બાળકોને મમતા ભર્યું શિક્ષણ વૈજ્ઞાનિક ઢબે અપાય છે અને આ બાળકોના વાલીઓ થોડાક મહિનામાં જ તેમના બાળકોમાં આવેલા પરિવર્તનથી ખૂબ જ ઉત્સાહિત જણાય છે.

અનૂપ પરીખ જેઓ ૨૨ વર્ષથી અમેરિકામાં ટ્રાન્સપોર્ટ નો બિઝનેસ ધરાવતા હતા તેમના બને સંતાનોમાં મોટી દીકરી ઋત્વી જેને બોલવામાં તકલીફ અને લર્નિંગ ડિસેબિલિટીની સમસ્યા હતી જ્યારે નાનો દીકરો સાહિલ હાઈપર એક્ટિવ હતો. અનુપભાઈ એ બાળકોની ટ્રીટમેન્ટ અમદાવાદમાં એક તબીબને ત્યાં કરાવી હતી પરંતુ આ બાળકોના શિક્ષણ નો પ્રશ્ન તેમને મૂંઝવી રહ્યો હતો એક દિવસ તબીબને ત્યાં





તેમની મુલાકાત જર્મની થી પરત આવેલા એક ઉપાધ્યાય દંપતી સાથે થઈ ચિરાગ ઉપાધ્યાય અને દિપાલી ઉપાધ્યાય. તેઓ માત્ર તેમની સમસ્યાનું સમાધાન જ નહિ પરંતુ તેમણે આ પ્રકારના બાળકો માટે આ વિશેષ સંસ્થા ઊભી કરી. તેઓના પર્સનલ એજ્યુકેશનથી રૂત્વી અને સાહિલમાં ગણતરીના સમયમાં જ મોટો તફાવત આવી ગયો હતો. ઉપાધ્યાય દંપતી ના આ પ્રકારના બાળકો માટેની નિષ્ઠા જોઈ અનૂપભાઈ એ તેમના ટ્રસ્ટ તરફથી આવા બાળકો માટે સ્કૂલ શરૂ કરી આપવાની ઓફર આપી જે આ દંપતી નુ સ્વપ્ન હતું.

દિપાલી ઉપાધ્યાય.. સ્પેશ્યલ એજ્યુકેશન સેન્ટર સાથે ડિરેક્ટર તરીકે સંકળાયેલા છે તેમણે સ્પેશ્યલ એજ્યુકેશનમાં ડિપ્લોમાં મેળવ્યો છે. પડકાર જનક વર્તન ધરાવતા બાળકો સાથે અદભુત ધીરજ, સમજ અને લાગણીથી કાર્ય કરે છે વિશિષ્ટ અને દિવ્યાંગ બાળકોને સામાન્ય જીવનશૈલી તરફ લઈ જવામાં અનેરો આનંદ અનુભવે છે દિપાલીબેન જર્મની તથા ભારતમાં શિક્ષણનો વ્યાપક અનુભવ ધરાવે છે.

આ સ્કૂલમાં ઉપથી ૪૦ જેટલા બાળકોના એડમિશન પેન્ડિંગ છે પુરતી જગ્યાના અભાવ ને કારણે વધારે બાળકો ને એડમિશન આપવામાં આવ્યું નથી ઉપરાંત કોરોના મહામારી પણ કારણભૂત છે. વિશેષ શાળા માં બાળકો ને મૂકવા લેવા માટે સ્કૂલ વાનની પણ સુવિધા છે.

ડૉ.ચિરાગ ઉપાધ્યાય ૨૦૦૯ માં સ્પેશ્યલ એજ્યુકેશન વિષય સાથે સ્નાતક થયા એક અનેરી શ્રધ્ધા અને લગનથી તેઓ પ્રત્યેક બાળકની વિશિષ્ટ જરૂરિયાતોને પારખે છે અને ત્યારબાદ બાળકના વાલી સાથે સંવાદ ના માધ્યમથી બાળકને તાલીમ આપે છે. તેમનો ઉત્સાહ, પ્રેમ,ધગશ સમગ્ર સંકુલમાં હકારાત્મક વાતાવરણ ઉભુ કરે છે. તેઓએ જર્મનીમાં શિક્ષક તરીકે બહોળો અનુભવ પ્રાપ્ત કર્યા બાદ ભારતની માટીમાં ભેખ ધર્યો છે.

ઉપાધ્યાય દંપતીના જણાવ્યા અનુસાર કોરોના મહામારી અને વિશેષ શાળામાં જગ્યાના અભાવ ના કારણે બાળકો માટે યોગ્ય રમત ગમત ની સુવિધા કરવામાં મુશ્કેલી જણાઈ રહી છે તેથી યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તેની રાહ જોઈ રહ્યા છે. બાળકોમાં રહેલા ટેલેન્ટ ને તેઓ બહાર લાવવા માંગે છે વિવિધ સ્પર્ધાઓમાં બાળકો ને ભાગ લેવા માટે તૈયાર કરવા માંગે છે બાળકો માટે ખૂબ મહેનત કરીને તેમને પોતાના પગે પોતાની જાતે જીવન જીવવા માટે મદદરૂપ થવા માંગે છે.

www.visheshschool.org લિંક પર વધુ માહિતી મળી શકશે.